## 1. હડપ્પીય સભ્યતા કઈ રીતે ઉદ્ભવ પામી હતી ?

➢ નાઈલ, યુક્રેટીઝ, ટાઇઝિસ, યાંગર્લ્સ અને હવાંગ હો નદીઓના પ્રદેશમાં જ્યારે માનવ સભ્યતાનો વિકાસ થઈ રહ્યો હતો ત્યારે સિંધુ નદીના ખીણપ્રદેશમાં વિશિષ્ટ પ્રકારની સભ્યતાનું સર્જન થઈ રહ્યું હતું.

ઈ. સ. 1921માં સર જહૉન માર્શલ અને કર્નલ મેકેના નેતત્વ નીચે દયારામ સાહનીએ પંજાબના મોન્ટગોમરી જિલ્લામાં 'હડપ્પા' નામના સ્થળની શોધ કરી. હડપ્પા' નામના ગામ પાસેથી સૌપ્રથમ આ સ્થળ શોધાયું હોવાથી પુરાતત્ત્વશાસ્ત્રની પરંપરા અનુસાર સમગ્ર સભ્યતાને 'હડપ્પીય સભ્યતા' નામ આપવામાં આવ્યું. ભારતીય પુરાતત્ત્વવિદ રખાલ દાસ બેનરજી (આર. ડી. બેનરજી)એ ઈ. સ. 1922માં સિંધના કારખાના જિલ્લામાં આવેલા 'મોહેં-જો- દડો' નામના એક હડપ્પીય સભ્યતાના સ્થળની શોધ કરી. મોહેં-જો-દડોનો અર્થ 'મરેલાંનો ટેકરો' થાય છે. મોહેં-જો-દડો અને હડપ્પા વચ્ચે આશરે 1605 કિમીનું અંતર છે. અત્યાર સુધીમાં ભારતમાં આશરે 1000 જેટલાં હડપ્પીય સભ્યતાના સ્થળો શોધાયાં છે. ગુજરાતમાં આશરે 100 જેટલાં હડપ્પીય સ્થળો હોવાની શક્યતા છે. હડપ્પીય સભ્યતા આદ્ય ઇતિહાસકાલીન સભ્યતા છે, કારણ કે હજી સુધી હડપ્પાની લિપિ ઉકેલવામાં સફળતા મળી નથી. નૂતન પાષાણયુગની ગ્રામીણ સંસ્કૃતિ પછી ભારતના ઉત્તર-પશ્ચિમ ી પ્રદેશમાં હડપ્પીય સભ્યતાનો વિકાસ થયો. ઈતિહાસવિદો અને પુરાતત્ત્વશાસ્ત્રીઓના મત મુજબ સિંધુ, સરસ્વતી, ધાધર-હકરા નદીઓના ફળદ્રુપ મેદાની પ્રદેશોમાં અનાજનું ઉત્પાદન ખૂબ વધવા લાગ્યું હશે અને તેનું બજાર ઊભું કરવાની પ્રક્રિયામાંથી બિનકૃષિ ક્ષેત્રો અસ્તિત્વમાં આવ્યાં હશે. ઈ. સ. પૂર્વે 2500ની આસપાસ ભારતના ઉત્તર-પશ્ચિમ પ્રદેશમાં આવાં શહેરો અસ્તિત્વમાં આવ્યાં હશે અને હડપ્પીય સભ્યતાનો વિકાસ થયો હશે. ભારતમાં હડપ્પીય સભ્યતા સિવાય અન્ય તામ્રપાષણ સંસ્કૃતિ જોવા મળે છે. જે હડપ્પીય સભ્યતાનાં ક્ષેત્રોની બહાર આવેલી છે.

ઉદભવ અને વિકાસ : મોહેં-જો -દડો અને હડપ્પાના ખંડેરો. અને ધરની કાલગણના ત્યાંથી મળી આવેલા અવશેષીય સાધનસામગ્રી પરથી કરવામાં આવે છે. ઇતિહાસવિદો હડપ્પીય સભ્યતાના ઉદભવને માટે 'પૂર્વહડપ્પાકાળ' શબ્દ વાપરે છે. ઈ. સ. પૂર્વે 5000ની આસપાસ તાંબાની શોધથી કૃષિક્ષેત્રે આવેલાં પરિવર્તનો મહત્ત્વના છે. કૃષિક્ષેત્રે આવેલાં પરિવર્તનોના કારણે નાના નાના કસબાઓ અસ્તિત્વમાં આવ્યા અને પરિપક્વ હડપ્પીય સભ્યતાનું સર્જન થયું. ઇતિહાસ કારો પૂર્વહડપ્પા કાળને ઈ. સ. પૂર્વે 3500થી ઈ. સ. પૂર્વે 2400ના સમયગાળામાં દશવિ છે. ઇતિહાસકારો પરિપક્વ હડપ્પીય સભ્યતાનો સમયગાળો ઈ. સ. પુર્વે 2350થી 1750નો દર્શાવે છે અને ઈ. સ. પૂર્વે 1750 પછીના સમયગાળાને ''પશ્ચાત્ (ઉત્તર) હડપ્પીય કાળ' તરીકે દર્શાવે છે. જેમાં આ સભ્યતા શહેરીકરણની મુખ્ય  વિશેષતાઓ ગુમાવતી જાય છે.

## 2.હડપ્પીય સભ્યતાનું નગરઆયોજન સમજાવો.

➢ હડપ્પીય સભ્યતાની નોંધપાત્ર વિશિષ્ટતા તેનું નગર- આયોજન છે. સમગ્ર સભ્યતામાં આ આયોજન એ કસમાન છે. રસ્તાઓ, શેરીઓ, ગલીઓ, ગટરો, જાહેર સ્નાનાગાર, રહેણાંકનાં મકાનો, જાહેર મકાનો વગેરે તમામ સ્થળોમાં એક જ પ્રકારનું આયોજન છે. તમામ નગરો બે ભાગમાં વહેંચાયેલા છે. નગરના પશ્ચિમ ભાગમાં ઊંચા ચબૂતરા પર કિલ્લો (Citadel) છે. નગરનો પૂર્વ ભાગ 'નીચલું નગર' કહેવાય છે. ત્યાં નગરના લોકોનો વસવાટ છે. પશ્ચિમ ભાગનો લ્લિો શાસકના રહેઠાણ છે, જેમાં શાસનવ્યવસ્થાનું કાર્ય થતું હશે. અહીં શાસન સાથે જોડાયેલી વ્યક્તિઓના દરજ્જા પ્રમાણેનાં કાર્યાલયો છે. અનાજનો સંગ્રહ કરવાના કોઠારો છે. કિલ્લાના રક્ષણ

માટે ચારે બાજુથી કિલ્લેબંધી કરવામાં આવી છે. પૂર્વ ભાગના નગરમાં રહેણાંકનાં મકાનો છે. તેમાં એકબીજાને કાટખૂણે છેદતા રસ્તાઓ આવેલા છે. નાના રસ્તાઓ મુખ્ય માર્ગ સાથે જોડાયેલા છે. મોટા ભાગના મકાનો ભઠ્ઠીમાં પકાવેલી પાકી ઈંટોના બનેલાં છે. કેટલાંક મકાનો ત્રણથી ચાર ઓરડાઓના છે. આવાં મકાનો સાથે આંગણું, કૂવો, રસોડું, બાથરૂમ અને ચબૂતરાના અવશેષો મળ્યા છે. આ મકાનોની મુખ્ય વિશેષતા એ છે કે મકાનના દરવાજા (પ્રવેશદ્વાર) મુખ્ય માર્ગ પર ખુલવાને બદલે અંદર આવેલી શેરીઓમાં ખૂલતા હતા. મકાનોના આકારમાં તફાવત જોવા મળે છે. ધનવાન લોકો મોટા ધરમાં રહેતા હશે અને આમવર્ગના લોકો એક ઓરડાના મકાનમાં રહેતા હશે.

ગટરયોજના : હડપ્પીય સભ્યતાના નગર આયોજનનું બીજું વિશિષ્ટ અંગ તેની ગટરયોજના હતી. આ પ્રકારની ગટર યોજના તેની સમકાલીન સંખ્યતાઓમાં કિટનો ય સિવાય ક્યાંય જોવા મળતી નથી. સમગ્ર નગરમાંથી ગંદું પાણી અને કચરાના નિકાલ માટે દરેક નાના-મોટા લત્તામાં ભૂગર્ભ મોરી અને ગટરની યોજના હતી. દરેક મકાન માં એક ખાળકૂવો કરવામાં આવ્યો હતો. તેની યોજના એવી રીતે કરવામાં આવી હતી કે, તે અમુક હદ સુધી ભરાઈ જાય એટલે તેમાંનું પાણી તેની સાથે જોડેલી નાની ગટરમાં થઈને આપોઆપ મી ગટરમાં ચાલ્યું જાય. રસ્તા ઉપર

જયાં બંને બાજુઓનાં મકાનનું પાણી એકઠું થતું ત્યાં એક ખાળ કૂડી રાખવામાં આવી હતી. આ ગરોને સાફ કરવા માટે અમુક અમુક અંતરે તેમાં ઊતરવા માટેનાં પગથિયાં પણ રાખવામાં આવ્યાં હતાં. વખતોવખત સુધરાઈના સેવકો તેને સાફ કરતા હતા તેના પુરાવાઓ મળ્યા છે. ખાળકુંડી ઉપર પથ્થરનું ઢાંકણે ઢાં કવામાં આવતું હશે, જેથી ગંદા પાણીના કોઈ પણ પ્રકારના જીવાણુઓ બહાર ફેલાઈ ન શકે. આ ગટરો ઈંટોની બનાવેલી હતી અને તે માટે ખાસ મોટી, પહોળી અને વળાંકવાળી ઈંટો નાવવામાં આવતી હતી. આવી સુવ્યવસ્થિત ગટર યોજના પરથી લાગે છે કે તે સમયે કાર્યક્ષમ નગરપાલિકા જેવી કોઈ સંસ્થા હશે અને ત્યાંના લોકો સ્વચ્છતા તેમજ આરોગ્યની કાળજી તથા ઊંચા પ્રકારની નાગરિકતાની ભાવના ધરાવતા હશે. નગરમાં રસ્તાની બંને બાજુએ ચોક્કસ અંતરેથી મળી આવેલા ખાડો રાત્રિ પ્રકાશવ્યવસ્થાનો ખ્યાલ આપે છે. પૂર્વ અને પશ્ચિમ શહેરને જોડતો મુખ્ય રાજમાર્ગ 40 ફૂટ પહોળો છે. મોહેં-જો -દડોમાં કેટલાંક મકાનો એક અને બે માળનાં મળ્યાં છે. માળ બનાવવા માટે લાકડાના બીમનો ઉપયોગ કરવામાં આવતો હતો. અહીં મકાનમાં કૂવા અને બાથરૂમ છે, જે શહેરી સભ્યતાનું પ્રમુખ લક્ષણ છે.

3. હડપ્પીય સભ્યતાની આર્થિક સ્થિતિનું ચિત્રણ કરો.

➢ હડપ્પીય સભ્યતાની આર્થિક સ્થિતિનું ચિત્રણ કૃષિ, ઉદ્યોગ અને વેપાર એ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

1. કૃષિ : સિંધુ અને અન્ય નદીઓના ફળદ્રુપ પ્રદેશોમાં આવેલી આ સભ્યતાનો વિકાસ કૃષિના કારણે થયો. કૃષિના કારણે ઉધોગો અને શહેરી વિકાસ પામ્યા. કૃષિની સાથે પશુપાલન એ અહીંની આર્થિક સ્થિતિનો આધાર હતો. હડપ્પા, મોહેં-જો -દડો, લોથલ અને ધોળાવીરામાંથી અનાજના કોઠારો મળ્યા છે. જે કૃષિના ઉત્પાદનનો વિકાસ દર્શાવે છે. કાલીબંગનમાંથી ખેડેલાં ખેતરોના અવશેષો અને બનાવાલીમાંથી માટીના હળના અવશેષો પ્રાપ્ત થયા છે. કુવા દ્વારા સિંચાઈની વ્યવસ્થા હતી અને કપિમાં તાંબાનાં ઓજારોનો ઉપયોગ થતો હતો. અહીંનો સૌથી અગત્યનો પાક કપાસ હતો. આ ઉપરાંત ઘઉં, જવ, તલ, રાઈ, શેરડી અને કઠોળના પાક પકવવામાં

આવતા હતા. મોહેં-જો -દડોમાંથી સુતરાઉ કાપડના અવશેષો મળ્યા છે. અનાજ અને કપાસના ઉત્પાદનના વિકાસના કારણે આર્થિક સ્થિતિ ખૂબ સારી થઈ હશે. અહીથી માછલી પકડવાના તાંબાના હુક મળી આવ્યા છે. આથી તેઓ માછીમારીના વ્યવસાયથી પરિચિત હશે. તેઓ માછલી અને પશુઓનું માંસ ખાતા હશે તેમ માનવામાં આવે છે.

2, ઉદ્યોગ : હડપ્પીય સભ્યતાની પ્રજા ઉદ્યોગ અને શિલ્પમાં પથ્થર, તાંબુ, કાંસું, સોનું, ચાંદીની ચીજવસ્તુઓ બનાવતા હતા. આ પ્રજા લોખંડથી સંપૂર્ણ અપરિચિત હતી. મૌતીનાં બાજુબંધ, સોય જેવી ચીજો, ચાંદીનાં શિલ્પો, ચાંદીનાં ઘરેણાં, થાળીઓ, રકાબીઓ, તાંબાનાં ઓજારો વગેરે અહીથી મોટી સંખ્યા માં મળ્યાં છે. કૃષિ સાથે સંકળાયેલા તાંબામાંથી બનાવેલા કુહાડી, છરી, આરી, ચપ્પાં, ભાલા, તીર વગેરે શસ્ત્રો મળ્યાં છે. તેઓ તેમની સુરક્ષા માટે જરૂરી હોય તેવાં સાધનો અને ઓજારો બનાવતાં હતાં. પથ્થરનાં તથા પથ્થર અને તાંબામાંથી બનાવેલાં સાધનો મોટા પ્રમાણમાં મળ્યાં છે. અહીંથી તલવાર જેવાં શસ્ત્રો મળ્યાં નથી. તેઓ રાજસ્થાનના ખેતડીમાંથી તાંબુ, હિમાલયના વિસ્તાર અને દક્ષિણ ભારતમાંથી સોનું, મેસોપોટેમિયા(ઇરાક). માંથી ચાંદી લાવતા હતા. તેઓ તાંબા અને ટિનનું સંયોજન કરી કાંસુ બનાવવાની કલા જાણતા હતા. મોહેં-જો-દડોમાંથી મળી આવેલી સૌથી શ્રેષ્ઠ કાંસ્ય નૃત્યાંગનાની મૂર્તિ આનો ઉત્તમ પુરાવો છે. નૃત્ય મુદ્રામાં ઊભેલી નારીના હાથમાં અનેક બંગડીઓ છે. મણકા બનાવવાની કલા અને પથ્થર કાપવાની કલાને કારણે રત્નો અને મૂતિકલાનો વિકાસ થયો હતો. કાર્નેલિયન અને ચોમેદ પ્રકારના પથ્થરમાંથી શિલ્પ અને સ્ટીએટાઇટમાંથી મોટી અને મુદ્રાઓ બનતી હતી. હડપ્પીય સભ્યતાનાં સ્થળોએથી સોના ચાંદીના મણકો મળ્યાં છે. લોથલ અને ચાહૂંદડોમાંથી મોતી બનાવવાનાં કારખાનાં મળ્યાં છે. કાથીદાંતનું નકશી કામ, બાજુબંધ, મિનાકારી અને અકીક કામનો મોટા પાયા પર વિકાસ થયો હતો. હડપ્પીય શિલ્પ કલામાં માટીકલાનો વિકાસ થયો હતો. કુંભારના ચાક પર ચઢાવીને વિવિધ આકારનાં માટીનાં વાસણો બનાવવામાં આવતાં, તેના પર લાલ અને કાળા રંગ વડે અલગ અલગ ભૌમિતિક કૃતિઓ દોરવામાં આવતી હતી. આ ઉપરાંત પાન, વૃક્ષ, પક્ષી, માછલી અને પશુઓનાં ચિત્રો માટીનાં વાસણો પર જોવા મળે છે. અહી શેલખડીમાંથી ચતુષ્કોણીયા આકારની મદ્રાઓ બનાવવામાં આવતી હતી. તેના પર પશુઓનાં ચિત્રો છે. એક પણ મુદ્રા પર ઘોડાનું ચિત્ર નથી. આથી જણાય છે કે હડપ્પીય સભ્યતાની પ્રજા ઘોડાથી અપરિચિત હતી. હડપ્પીય મુદ્રા પર લિપિ છે, પરંતુ હજી સુધી તે ઉકેલી શકાઈ નથી. આ મુદ્રાઓમાં ત્રણ માથાવાળી, પદ્માસનની મુદ્રામાં બેઠેલા, શીગડાવાળા પુરુષ દેવતાનું પ્રસિદ્ધ ચિત્ર છે. દેવતાની આજુબાજુ હાથી, વાઘ, ગેંડો, ભેંસ જેવા જાનવરોનાં ચિત્રો છે. ઇતિહાસકારો આ દેવતાને પશુપતિનું પ્રાચીન સ્વરૂપ માને છે.

4. હડપ્પીય સભ્યતાની સમાજવ્યવસ્થાનો ખ્યાલ આપો.

➢ હડપ્પીય સભ્યતાની સમાજવ્યવસ્થા વિશેની જરૂરી માહિતી ખુબ ઓછી મળી આવી છે. અહીથી થી મળી આવેલા અવશેષો પરથી અહીની પ્રજા વિશે અને તેમની સમાજ વ્યવસ્થા વિશે અનુમાનો કરવામાં આવ્યો છે.

હડપ્પીય સભ્યતા માતૃસત્તાક કે માતૃપ્રધાન સમાજવ્યવસ્થા ધરાવતી હશે. સિંધ અને પંજાબના પ્રદેશોમાંથી માતૃદેવીની મૂર્તિઓ મળી છે. હજી સુધી હડપ્પીય લિપિ ઉકેલી શકાઈ નથી, આથી પૂર્ણપણે તેઓની સમાજવ્યવસ્થા વિશે કહી શકાતું નથી. હડપ્પીય સભ્યતામાં ચાર પ્રકારની વ્યાવસાયિક જૂથો જોવાં મળ્યા છે : (1) પૂજારી, (2) ખેડૂતો, (3) વેપારીઓ અને (4) કારીગરી. રહેણાંક મકાનો પરથી તેમનો અલગ અલગ વસવાટ સ્પષ્ટ થાય છે. ધનવાનો, કારીગરો અને મજૂરોનાં મકાનો એકમ ત્રણ વિભાગ હશે. તાંબાનું કામ

કરનારા, મોતીનું કામ કરનારા અને કીમતી પથ્થરોને કામ કરનારા કારીગરોની સંખ્યા વધુ હશે. હડપ્પીય સભ્યતાની પ્રજાનો પહેરવેશ પ્રાપ્ત થયેલી મૂર્તિઓ પરથી જાણી શકાય છે. પુરુષો ધોતી જેવાં કપડાં પહેરતો અને મોટા ભાગે સુતરાઉં અને ઊનનાં કપડાંનો ઉપયોગ કરતા. મહિલાઓની મૂર્તિઓ પરથી જણાય છે કે તેઓ પણ ધોતી જેવા જ કોઈ પ્રકારનાં કપડાં પહેરતી. સુતરાઉ કાપડનો વધુ ઉપયોગ થતો હશે. અહીંથી સોય અને તકલી મળી આવ્યાં છે. જે દર્શાવે છે કે તેઓ વણવાનું અને કાંતવાનું, કાર્ય વણતા હશે. અહીંથી મળી આવેલા અવશેષોમાં મહિલાઓ અને પુરુષોના વાળ લાંબા છે અને તે જુદી જુદી રીતે બાંધેલા છે. તેઓ ઘરેણાંનોના શોખીન હતા. દિલાઓ અને પુરુષ બંને હાર, બાજુબંધ, કાનની વાળી, મણકા , બંગડીનો અને મોતીનાં આભૂષણો પહેરતા, ધનવાન લોકો બહુમૂલ્ય રેનો અને સોના-ચાંદીના ઘરેણાં પહેરતાં.

5. હડપ્પીય સભ્યતાનો ધર્મ સ્પષ્ટ કરો.

- હડપ્પીય સભ્યતાના લો કો વૃક્ષ અને મૂર્તિપૂજાના ઉપાસક હોય તેવું અવશેષો પરથી માલૂમ પડે છે. અનેક સ્થળોએથી માદેવીની મૂર્તિઓ મળી આવી છે. જેના મૂર્તિમાં ધરતી માતાની મૂર્તિઓ મોય તેમ જણાય છે. તેમણે પંખા જેવું શીરોવસ્ત્ર ધારણ કરેલું છે.
- કેટલીક મૂતિઓના ખોળામાં બાળક છે. એક વિશિષ્ટ મૂર્તિમાં મહિલાના ગર્ભમાંથી એક છોડ ઊગી નીકળતો હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. તેઓ લિંગ અને યોનિપૂજાની ઉપાસના કરતા હતા. હડપ્પીય સભ્યતામાંથી મળી આવેલી મુદ્રાઓ તેમના ધર્મ વિશે માહિતી આપે છે.
- એક મુદ્રામાં એક પુરુષદેવતા માથા પર ઈંગડાવાળા મુગટ સાથે યોગમુદ્રામાં બેઠા છે, તેમની આજુબાજ પશો છે. ઇતિહાસકારો તેમને પશુઓના દેવતા કે ભગવાન પશુપતિ અથવા આદિશિવનું સ્વરૂપ જણાવે છે. એક મુદ્રામાં ઈંગડાવાળા દેવતા છે. તેમના વાળ હવામાં ઉડે છે તેઓ નગ્ન છે અને પીપળાના વૃક્ષની શાખાઓ વચ્ચે ઊભા છે. તેમની સામે એક ઉપાસક ઘૂંટણ પર બેઠો છે. આ પરથી જણાય છે કે તેઓ પીપળાના વૃક્ષની પૂજા કરતા હશે અને પશુપૂજામાં માનતા હશે. કાલીબંગન અને લોથલમાંથી પક્ષના કામમાં વપરાતી હોય તેવી અગ્નિવેદી મળી આવી છે. તેમાંથી રાખ અને પ્રાણીઓનાં હાડકાં મળ્યાં છે. આ અગ્નિવેદીઓ હવન કુંડ હશે. લોથલ અને કાલીબંગનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જુદાં જુદાં ધાર્મિક રીતરિવાજો પ્રચલિત હતા.
- આ પ્રદેશો સિવાય બીજી કોઈ જગ્યાએથી હવનકુંડ મળ્યા નથી. હડપ્પીય સભ્યતામાં મૃત્યુ પામનાર માનવીને દાટવાની અને અગ્નિસંસ્કાર કરવાની એમ બંને પ્રથા પ્રચલિત હતી. મૃત્યુ પછીનો ધાર્મિક કર્મકાંડ એ મહત્ત્વપૂર્ણ ઘટક છે. તેઓ મૃતકને ઉત્તરમાં માથું રહે તેવી રીતે ઉત્તર-દક્ષિણ દિશામાં સુવાડીને દાટતા હતા. તેની સાથે માટીના વાસણો મુકવામાં આવતાં હતાં. કેટલીક કબરોમાંથી બંગડી, મોતી, તાંબાનાં દર્પણ મળી આવ્યાં છે. તેઓ પુનર્જન્મમાં વિશ્વાસ ધરાવતા હશે. લોથલમાંથી મળી આવેલ એક કબરમાં એકસાથે બે વ્યક્તિઓને દફનાવવામાં આવેલાં છે. કાલીબંગનની એક કબરમાંથી વાસણો મળ્યાં છે,
- પરંતુ કોઈ માનવીનું હાડપિંજર મળ્યું નથી, એનો અર્થ એ કે અહી પ્રતિકાત્મક રીતે શબને દફનાવી પછી તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવતો હશે.

6. હડપ્પીય સભ્યતાનો વારસો જણાવો.

- હડપ્પીય સભ્યતા ભલે ઝડપથી અદશ્ય થઈ હોય પરંતુ જગતના અને ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં તેની ચિરકાલીન અને મહત્ત્વની અસર થઈ છે. આ સભ્યતાએ માનવસંસ્કૃતિને જે કીમતી ભેટ આપી છે તે વારસો અમૂલ્ય છે. આ સભ્યતાએ નીચે મુજબની ભેટ આપી છે :
- વિશ્વને સૌપ્રથમ શહેરી સભ્યતાની ભેટ આપી. વ્યવસ્થિત અને પૂર્વ આયોજિત નગરરચનાનો ખ્યાલ આપ્યો અને નગરપાલિકા જેવી સંસ્થાની ભેટ આપી. સૌપ્રથમ રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ અને ભૂગર્ભ ગટરયોજનાઓ આપી. માટીકામના સુંદર નમૂનાઓ, બાળકો માટેનાં રમકડાં, બળદ જોડેલાં ગાડાં વગેરેની ભેટ આપી અને તે દ્વારા બાળકો પ્રત્યેની વાત્સલ્ય ભાવના રજુ કરી.
- જાહેર રજાનાગારની ભેટ આપી. કાંસાની નર્તકીની પ્રતિમા નત્ય કલાનું સૂચન કરે છે. અહીંથી મળી આવેલા સૌંદર્ય પ્રસાધનો આ પ્રજાનો સૌદર્ય પ્રત્યેનો ખ્યાલ દશાવે છે. આ પ્રજા અનાજનો સંગ્રહ કરવાની પદ્ધતિની જાણ કાર હતી. આ પ્રજાએ ચળકાટવાળા મણ કાનો ઘરેણામોની ભેટ આપી છે.
- આ પ્રજાએ ધાર્મિક ક્ષેત્રે શિવ અને શનિની પૂજા , થલો (ખાસ કરીને પીપળો), પ્રાણીઓ તથા નાગ-ની પૂજા અને સ્નાનનું મહત્વ દશાવ્યું

  વૈદિક ધર્મ પછી પાંગરેલા પૌરાણિક ધર્મમાં હડપ્પીય સભ્યતામાં પૂજાતાં પશુ-પક્ષીઓને કેટલાંક પૌરાણિક દેવોનાં વાહનો તરીકે સ્વીકારવામાં આવ્યાં. આમ, હડપ્પીય સભ્યતાને ભારતીય સંસ્કૃતિનું ખોવાયેલું એક ભવ્ય પ્રકરણ પાછું મેળવી આપ્યું છે. આ સભ્યતાએ ભારતીય ઇતિહાસના પ્રારંભને તેજસ્વી અને ગૌરવપ્રદ બનાવ્યો છે.